Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-2, September-2022

# ગુજરાતી ડાયસ્પોરા ગણપતભાઈ ઇશ્વરભાઇ પટેલનુ ગુજરાતના વિકાસમાં યોગદાન

**રાણા દક્ષા ઇન્દ્રસિંહ**

પીએચડી સ્કોલર, સમાજ વિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી dakshabenchavda7@gmail.com

*Abstract:- અનેક કારણોથી પ્રેરાઈને માણસોએ વર્ષોથી એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કર્યું છે. જે સમયાંતરે સંજ્ઞામાં ફેરફાર થઈને સ્થળાંતર કરનાર વ્યક્તિને આજે ડાયસ્પોરા નામથી ઓળખાય છે. પણ પોતાના વતન માટે કઈ સારૂં કરી છૂટવાની ભાવના આજે પણ દરેક ગુજરાતી ડાયસ્પોરાને છે. તેનું સર્વોચ્ચ ઉદાહરણ ડો.ગણપતભાઈ ઇશ્વરભાઇ પટેલ છે. જેમને શિક્ષણ ક્ષેત્રે મહત્વનો ફાળો આપ્યો છે. ડો. ગણપતભાઈ પટેલે શિક્ષણના વિકાસ માટે 11 કરોડ આપ્યા હતા. જે આજે છોડમાંથી વટ વૃક્ષ બની તેમના કુટુંબ તરફથી શિક્ષણના વિકાસમાં 100 કરોડનું દાન આપેલું છે. તેના વિસ્તરણોના મુદ્દાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.*

*Keword :- ડાયસ્પોરા, સ્થળાંતર, પરોપકારી, આશ્રયદાતા*

**પ્રસ્તાવના** :-

ગુજરાતની અસ્મિતાના અનેક પાસાઓ છે. તેમાં સૌથી મહત્વનું પાસુ સહિષ્ણુતાનાં મૂલ્યો ઉપર આધારિત ખીલવેલી વ્યાપારી સંસ્કૃતિ અને ડાયસ્પોરા છે. ડાયસ્પોરા શબ્દ ઐતિહાસિક સ્થળાંતર અને અન્ય દેશોમાં વસવાટ અથવા દેશ નિકાલ થયેલા મૂળ વતનથી ભટક્તા લોકો માટે ઉલ્લેખવામાં આવે છે. આજના ડાયસ્પોરા ખૂબ જ ઝડપી વિકાસશીલ તેમજ આધુનિક છે. આધુનિક સમયમાં ડાયસ્પોરાનું પ્રમાણ વધવા લાગ્યું છે. " ડાયસ્પોરા" શબ્દ મૂળ તો ગ્રીક શબ્દ માંથી બનેલો છે . જેનો અર્થ વિખરાવું તેવો થાય છે. અહીં સમાન મૂળની પ્રજાનું કોઈ એક વિસ્તારમાં છૂટા છવાયા વિખરાવું તેવો અર્થ કરી શકાય.ડાયસ્પોરા શબ્દ વતનથી વિખૂટા પડીને અન્યત્ર વસવાટ કરતી પ્રજા માટે વપરાય છે . ઈતિહાસમાં એવી પણ ઘટનાઓ બની છે, કે સામુહિક રીતે કોઈ પ્રજા અન્યત્ર વસવા માંડી હોય કે તેને દેશ છોડવાની ફરજ પડી હોય અને બીજા દેશમાં સ્થળાંતર કરવું પડયું હોય . ડાયસ્પોરા ( Diaspora ) શબ્દ મૂળ તો બાઈબલમાં ઉલ્લેખ પામેલો છે. જેમાં યહુદીઓને ઈઝરાયેલ છોડવાની ફરજ પડી હતી . ડાયસ્પોરાના બે પ્રકાર છે.

1. સ્વૈચ્છિક- સ્વૈચ્છિક એટલે પોતાની ઇચ્છાનુસાર સ્થળાંતર કરવું.
2. અનૈચ્છિક -અનૈચ્છિક એટલે બળજબરીપૂર્વક નું સ્થળાંતર.

ગુજરાતી ડાયસ્પોરા એ સ્વૈચ્છિક સ્થળાંતર છે. વૈશ્વિક ડાયસ્પોરાના સંદર્ભમાં ગુજરાતી ડાયસ્પોરાએ ભારે પ્રતિષ્ઠા હાંસલ કરી છે. તેની સફળતાનું રહસ્ય ગુજરાતીઓએ હજારો વર્ષોથી શાંતિ સહકાર અહિંસાના મૂલ્યો પર આધારિત વ્યાપારી સંસ્કૃતિ ખીલવી છે. તે સાહસિક, દરિયાખેડુ, કોઠાસુજ ધરાવતો ગુજરાતી આજે વિશ્વ નિવાસી બન્યો છે. દૂધમાં સાકર ભળે તેમ ગુજરાતી જે દેશમાં ગયો તે દેશની સંસ્કૃતિમાં ભળી ગયો છે. ગુજરાતીઓ સેંકડો વર્ષોથી વિદેશમાં વસાહતો સ્થાપતા આવ્યા છે. આજે વિશ્વના લગભગ ૧૨૫ થી વધારે દેશોમાં

ગુજરાતી પ્રજા વસવાટ કરે છે. તેની પાછળ વેપાર અને વહાણવટા ની ગુજરાતની લાંબી પરંપરા છે. ગુજરાતીઓ જે દેશમાં જઈને વસ્યા છે. તે દેશના લોકો સાથે સુમેળભર્યા સંબંધો કેળવીને તેના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. એમણે ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કૃતિરૂપી પોતાની ઓળખને જાળવી રાખીને વિદેશી સંસ્કૃતિઓના સારાં તત્વો ગ્રહણ કર્યાં છે. તેમણે ગુજરાત સાથેનો ભાવાત્મક સંબંધ જાળવી રાખ્યો છે. તેનું ખૂબ જ સુંદર ઉદાહરણ શ્રી ગણપતભાઈ ઇશ્વરભાઇ પટેલ છે. ગણપતભાઈ ઈશ્વરભાઈ પટેલ ઉત્તરગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલી ગણપત યુનિવર્સિટીના પ્રમુખ અને મુખ્યદાતા છે. ગણપતભાઈ ઈશ્વરભાઈ પટેલ જેને પેટે પટેલ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે અમેરિકાના પરોપકારી ઉદ્યોગપતિ છે. તેઓ ચેરોકી ઈન્ટરનેશનલના સ્થાપક છે. અને 2004માં નિવૃત્ત થયા પહેલા પ્રમુખ અને સીઈઓ હતા. ગણપતભાઈ ઈશ્વરભાઈ પટેલને "પદ્મશ્રી" પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

**પ્રારંભિક જીવન :-**

ગણપતભાઈ ઈશ્વરભાઈ પટેલનો જન્મ 1945માં ભુણાવ ગામ, જિ: મહેસાણા ખાતે થયો હતો. ગણપતભાઈએ તેમનું પ્રાથમિક શિક્ષણ તેમના ગામની સરકારી પ્રાથમિક શાળામાં પૂર્ણ કર્યું, અને બાદમાં બાકીનું શાળાકીય શિક્ષણ પૂરું કરવા તેઓ તેમના મોટા ભાઈ મોતીભાઈ સાથે જૂનાગઢ ગયા. મેટ્રિક પછી, ગણપતભાઈએ અમદાવાદની પ્રતિષ્ઠિત એમ.જી. સાયન્સ કોલેજમાં પ્રવેશ લીધો અને તે સમયના ઘણા ઉત્સાહી અને પ્રતિભાશાળી ભારતીય યુવાનોની જેમ ગણપતભાઈએ પણ તેમના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે યુ.એસ.એ. જવાનું સ્વપ્ન સેવ્યું હતું. તેઓ 19 વર્ષની ઉંમરે તેમના ઉચ્ચ શિક્ષણના સ્વપ્નને આગળ ધપાવવા માટે યુ.એસ.એ. ગયા. એમણે કેલિફોર્નિયા પોલિટેકનિક યુનિવર્સિટી, પોમોના, યુ.એસ.એ.માંથી ઈલેક્ટ્રોનિક એન્જિનિયરિંગમાં વિજ્ઞાનમાં સ્નાતક પૂર્ણ કર્યું.

**કારકિર્દી :-**

ઉડ્ડયન ઉદ્યોગની કંપની લોકહીડ માર્ટિનમાં ગણપતભાઈ પટેલ ને પ્રથમ નોકરી મળી હતી, પરંતુ ઉડ્ડયન ક્ષેત્રની મંદીને કારણે તેમણે આ નોકરી ટૂંક સમયમાં ગુમાવી દીધી હતી. 1971 માં લોસએન્જલસના કલ્ચર સિટીમાં એબોટ લેબોરેટરીઝ તરફથી તાત્કાલિક નોકરીની ઓફર મેળવવા માટે તેઓ નસીબદાર હતા. તેમને બરોઝ કોમ્પ્યુટરમાં પણ તક મળી, અને એમણે ઉપયોગી કૌશલ્યો પ્રાપ્ત કર્યા. જેનાથી તેમનામાં ઉદ્યોગસાહસિકતાના સિદ્ધાંતોને મોટો ધક્કો મળ્યો. 1978 માં શ્રી પટેલે તેમની પત્નીની મદદથી શેરોકી ઇન્ટરનેશનલ ઇન્ક.પાવર સપ્લાય કંપનીની સ્થાપના કરી. ચેરોકીએ IBM જેવા ઉધોગ- ગૃહો સાથે સંબંધો સુરક્ષિત કર્યા. CISCO, મોટોરોલા અને હેવલેટ પેકાર્ડ અને યુનાઇટેડ સ્ટેટ્સ, ભારત, બેલ્જિયમ અને મેક્સિકોમાં ઉત્પાદન સુવિધાઓ શરૂ કરી. ગણપતભાઈ પટેલ 2004 માં તેમની વ્યાવસાયિક કારકિર્દીમાંથી નિવૃત્ત થયા હતા. કેમિકલ એન્જિનિયરિંગમાં તેમને અત્યંત રસ હોવાથી, તેમણે યુ.એસ.એ.ની ઘણી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે અરજી કરી અને અંતે તેમને આયોવા સ્ટેટ યુનિવર્સિટી તરફથી પ્રવેશની ઑફર મળી. તેમણે 1966 માં કાલાપોલ પોમોના ખાતે ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગના એ સમય ના સાવ નવા અભ્યાસક્રમમાં પ્રવેશ લીધો. તેમણે 1969માં તેમનું ઈલેક્ટ્રોનિક્સ નું શિક્ષણ પૂર્ણ કર્યું. તેમણે ડિઝાઇન એન્જિનિયર તરીકે પોતાની કારકિર્દીની

શરૂઆત કરી, અને વિવિધ કંપનીઓમાં કામ કર્યું. એટલે કે યુ.એસ. એવિએશન ઇન્ડસ્ટ્રી, અઝુઝા ખાતે લોક હીડ, CA, કલવર સિટીમાં એબોટ ટ્રાન્ઝિસ્ટર લેબ અને બરોઝ કોર્પોરેશન જેવી મોટી કોમ્પ્યુટર સિસ્ટમ મેન્યુફેક્ચરિંગ કંપનીમાં કામ કર્યું, પરંતુ તેમનું સ્વપ્ન એક ઉદ્યોગસાહસિક બનવાનું હતું અને 1500 થી વધુ કર્મચારીઓ ધરાવતી વિશ્વ કક્ષાની કંપની ચેરોકી ઈન્ટરનેશનલના ચિત્રમાં તેમનું સ્વપ્ન વાસ્તવિકતામાં ફેરવાઈ ગયું. તેમનો ઉછેર એક સામાન્ય પરિવારમાં થયો હતો. અને તેમણે જીવનના વિવિધ શેડ્સ જોયા છે. માત્ર સખત મહેનત અને ખંતના તેમના ગુણોને કારણે તેમણે તેમના તમામ સાહસોમાં શ્રેષ્ઠતા મેળવી છે.

**અંગત જીવન :-**

તેમનાં પત્ની મંજુબેન પટેલ સામાજિક કાર્યકર અને પરોપકારીવૃતિ ધરાવે છે. ઉત્તર ગુજરાતની ગણપત યુનિવર્સિટિના એમના નામ પર કન્યાઓ માટે એક સૈનિક શાળા ચાલે છે. અને આ લશ્કરી શાળા દ્વારા દર વર્ષે 400+ છોકરીઓ તેમનું શાળાકીય શિક્ષણ મેળવે છે. તે તેમના પતિ ગણપતભાઇ પટેલ અને તેમના પરિવારની મદદથી અનેકવિધ સેવાકીય કાર્યો કરે છે. તેમની પત્ની શ્રીમતી મંજુબેનના સમર્થનમાં અને તેમની ત્રણ પુત્રીઓ રીટા,અનિતા અને આશા તેમજ તેમના સાત દોહિત્રો દ્વારા પ્રેરિત ગણપતભાઇ પટેલે શિક્ષણ દ્વારા " સમાજ ના ઉત્કર્ષ ની " શરૂઆત કરી છે. અને ભારતમાં વિવિધ સંસ્થાઓની સ્થાપના કરી છે. જે ભારતીયોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી રહી છે.

**ગણપતભાઈ પટેલ દ્વારા ગુજરાતના વિકાસમાં યોગદાન :-**

બાળપણથી જ તેમની માતાએ તેમનામાં દાનની ગુણવત્તા કોતરેલી હતી. સમાજ ધ્વારા મેળવેલું તેમને પરત આપવાના એટલે કે ઋણ ચૂક્વાવાના સાંસ્કૃતિક બીજ સાથે, તેમણે તેમના પત્ની મંજુબેન અને તેમની ત્રણ પુત્રીઓ પાસેથી પ્રેરણા લઈને શિક્ષણ ક્ષેત્ર પસંદ કર્યું. તેઓ દ્રઢપણે માને છે, કે ગણપત યુનિવર્સિટી સાથેનું પેટ્રન-ઈન-ચીફ તરીકેનું તેમનું જોડાણ નિઃશંકપણે તેમના જીવનમાં તેમણે કરેલા શ્રેષ્ઠ રોકાણોમાંનું એક છે. ગણપત યુનિવર્સિટીના દિન-પ્રતિદિન વિકાસ અને પ્રગતિ માટે તેઓ સંસ્થા માટે મહત્વપૂર્ણ પ્રેરણા અને બળ બની રહ્યા છે. શ્રી ગણપતભાઈ પટેલે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા અને ભારતમાં તેમના કાર્યો દ્વારા ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોને મજબૂત રાખ્યા છે. આજની યુવા પેઢીને એમના ભવિષ્યની સુખાકારી માટે પૂરતા શિક્ષણ અને વ્યવસાય માટેની ઉતમ તકો ઊભી થાય તે માટેજ શ્રી ગણપતભાઈ પટેલ સેવા-રત બનેલા છે. એજ એમના જીવનનો ઉદ્દેશ છે. આ વિશાળ અને કુશળ યુનિવર્સિટીએ 20,000 થી વધુ સફળ સ્નાતકો તૈયાર કર્યા છે. શ્રી ગણપતભાઈ પટેલ "ગણપત સ્વૈચ્છિક શિક્ષણ ચળવળ (જીવીએમ)" ને ખૂબ પ્રોત્સાહન આપી રહ્યા છે. જેણે ઉત્તર ગુજરાત અને મહેસાણા ની આસપાસ ના 8 ગામો દત્તક લીધા છે. જે 750 થી વધુ વંચિત વિદ્યાર્થીઓને સહાય પૂરી પાડે છે. અને તે સતત વિકાસ કરી રહ્યું છે. તેમનાં પત્ની શ્રીમતી મંજુલાબહેનના નામે એમણે એક સાયન્સ કોલેજ માટે પણ દાન આપ્યું છે. મહેસાણા ખાતેની આ કોલેજ ધ્વારા તેઓ ગ્રામીણ વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહિત કરી રહ્યા છે. મધ્યપ્રદેશના મંડલેશ્વરમાં પણ એમણે મંજુલાબેન ગણપતભાઈ પટેલ સાયન્સ કોલેજ ઊભી કરી છે. અને છોકરીઓ માટે છાત્રાલય પણ કર્યું છે. તેમણે એવી છોકરીઓને શૈક્ષણિક ખર્ચમાં સબસિડી આપવાની ઓફર કરી છે કે, જેમના માતા-પિતા ફી ચૂકવી

શકતા નથી. ઉત્તર ગુજરાત મહેસાણા પાસેના ગણપત વિધાનગર ની પાવન વિધા-ભૂમિ ઉપર શ્રી ગણપતભાઈ એ શ્રીમતી મંજુલાબેન ગણપતભાઈ પટેલ કન્યા સૈનિક શાળા માટે પણ દાન આપ્યુ છે. તો તેઓ બોમ્બેમાં નિરુપા રોય લેપ્રોસ્કોપી પ્રોગ્રામના નોંધપાત્ર દાતાઓમાંના એક છે. વિદેશમાં તેમણે વિદ્યાર્થીઓના શિક્ષણને ટેકો આપવા માટે કેલિફોર્નિયા પોલિટેકનિક યુનિવર્સિટી, પોનોમા, કેલિફોર્નિયાને 1 મિલિયન યુએસ ડોલરનું દાન આપ્યું છે. તેઓ ભારતીય અને યુએસએ સ્થિત યુનિવર્સિટીને નજીક લાવવા બંને દેશોની શિક્ષણની ગુણવત્તા વધારવા અને બંને વચ્ચે સંસ્કૃતિના આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવા સખત મહેનત કરી રહ્યા છે. તેમને શિક્ષણમાં યોગદાન બદલ સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, UCLA (USA) દ્વારા અગ્રણી દાતા પુરસ્કાર વિજેતા તરીકે સન્માનિત કરવામાં આવ્યા છે. ગણપતભાઈ એવું દ્રઢપણે માને છે. કે, "આપણા દેશને વિકસિત રાષ્ટ્રમાં પરિવર્તિત કરવાનો એકમાત્ર રસ્તો શિક્ષણ છે" શ્રી ગણપત પટેલ ગણપત યુનિવર્સિટીના પ્રમુખ અને પેટ્રન-ઈન-ચીફ છે. ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં તેમના યોગદાન માટે વ્યાવસાયિક રીતે અને વ્યક્તિગત રીતે તેમના પરોપકાર માટે, ખાસ કરીને શિક્ષણના ક્ષેત્રમાં તેમના યોગદાનને કારણે ગણપતભાઈ પટેલની ખ્યાતિ દુનિયાભર માં પહોચી છે. તેઓ વિધા ધ્વારા સમાજના ઉત્કર્ષ માં દ્રઢપણે માને છે. તેમના પત્ની શ્રી મંજુલાબેન ધ્વારા પણ એમને સેવા કાર્યો માટે સતત ટેકો મળ્યા કરે છે. એમનાં પત્ની ઉપરાંત પુત્રીઓ રીટા, અનીતા, અને આશા તેમજ તેમના સાત દૌહિત્રોં ધ્વારા પ્રેરિત અને પ્રોત્સાહિત શ્રી ગણપતભાઈ પટેલ, ગણપત યુનિવર્સિટી સહિત ભારતમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને નિભાવ માટે 100 કરોડથી વધુનું દાન આજ સુધીમાં આપી ચૂક્યા છે. આ બહુ મોટી સિદ્ધિ છે.

**ગણપત યુનિવર્સિટી દ્વારા વિકાસના કાર્યો :-**

ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત 'ગણપત સ્વૈચ્છિક શિક્ષણ ચળવળ' ગણપત યુનિવર્સિટી કેમ્પસની આસપાસના 10 ગામોના બાળકોને શિક્ષણ આપે છે. રોગચાળાના બીજા મોજા દરમિયાન, યુનિવર્સિટીએ આ ગ્રામજનોને મફત કોવિડ સારવાર પૂરી પાડવા માટે 100 બેડનું કેન્દ્ર સ્થાપ્યું. દર્દીઓને કેન્દ્રમાં મફત RT-PCR પરીક્ષણો, રક્ત પરીક્ષણો, ભોજન અને દવાઓ આપવામાં આવી હતી. ઉત્તર ગુજરાતના મહેસાણા નજીક 300 એકર જેવી વિશાળ ભૂમિ ઉપર 40 હજાર જેટલાં હરિયાળા વૃક્ષોથી આચ્છાદિત અને વિવિધ જ્ઞાન-શાખાની 20 થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ ધ્વારા 12000 થી વધુ વિધાર્થીઓના કારકિર્દી અને ચરિત્ર્ય ઘડતરનું પૂણ્યકાર્ય કરી રહેલી ગણપત યુનિવર્સિટિ માટેજ ગણપતભાઈ પટેલે આજ સુધીમાં 70 કરોડ રૂપિયાનું દાન કર્યું છે. અને હજુ આ દાન-ધારા અવિરત પણે વહેતી રહીછે.

**પુરસ્કાર અને સન્માન :-**

શ્રી ગણપતભાઈ પટેલ નો ગુજરાતનાં વિકાસમાં મહત્વના યોગદાન બદલ તેમને વિવિધ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેની યાદી નીચે મુજબ છે.[8]

| વર્ષ | નામ | પુરસ્કાર આપતી સંસ્થા |
|---|---|---|
| 1991 | સામુદાયિક સેવામાં શ્રેષ્ઠતા માટે પુરસ્કાર | ઇન્ડિયા એસોસિએશન ગાંધી પીસ સેન્ટર |

| | | |
|---|---|---|
| 1996 | ભારતીય સમુદાય માટે તેમની સેવાની કદર રૂપે ઉત્કૃષ્ટ સિદ્ધિ પુરસ્કાર | સધર્ન કેલિફોર્નિયા ગુજરાત કલ્ચરલ સોસાયટી |
| 1998 | ભારતના યુવાનોનેવધુ સારી શિક્ષણની તક પૂરી પાડવા માટે ગુજરાતમા શૈક્ષણિક સંસ્થાઓના નિર્માણમાં નોંધપાત્ર યોગદાન બદલ "પાટીદાર રત્ન એવોર્ડ" | અખિલ ગુજરાત કડવા પાટીદાર પરિષદ, વાંઘે, ભુજ |
| 2000 | ગુજરાતમા અનન્ય હાઇટેક ટાઉનશિપ ગણપત વિદ્યાનગરની સ્થાપના કરીને ગુજરાત અને ભારતના શૈક્ષણિક વાતાવરણમાં ઉત્કૃષ્ટ અને અપ્રતિમ યોગદાન માટે "પેટ્રોન મેમ્બર એવોર્ડ" | સધર્ન કેલિફોર્નિયા ગુજરાત કલ્ચરલ સોસાયટી, નોરવોક |
| | પાવર સપ્લાય સેક્ટરમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે IEEE એવોર્ડ | IEEE એવોર્ડ |
| 2001 | ઇલેક્ટ્રિક પાવર એન્જિનિયરિંગ વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટેના અસાધારણ યોગદાન માટે iiNet પાવર એવોર્ડ | IEEE PES, USA |
| | યુ.એસ. અને ભારતમાં આપણા સમાજને ઉદાર સમર્થન અને ઉત્કૃષ્ટ સેવાની કદર માટે પ્રશંસાનો પુરસ્કાર | સધર્ન કેલિફોર્નિયા ગુજરાત કલ્ચરલ સોસાયટી, નોરવોક |
| | IICPE એવોર્ડ | પાવર ઇલેક્ટ્રોનિક્સ પર ઇન્ડિયા ઇન્ટરનેશનલ કોન્ફરન્સ મુંબઇ |
| 2005 | મુખ્ય દાતા | ગણપત યુનિવર્સિટી |
| | પાટીદાર પદ્મશ્રી | કડવા પાટીદાર સમાજનુ 5મું રાષ્ટ્રીય અધિવેશન, મેકોન, જ્યોર્જિયા યુ.એસ.એ. |
| 2008 | પાટીદાર શિરોમણી એવોર્ડ | વિશ્વ પાટીદાર મહાસંઘ |
| 2012 | ગુજરાત નું રત્ન | ગુજરાત ભારતનુ રત્ન |
| 2014 | ભારતનું રત્ન | ભારતનું રત્ન ભારત |
| | સેલ્યુટ ઈન્ડિયા : એન. આર. આઈ એવોર્ડ | ગ્લોબલ ગુજરાતી ફેડરેશન, અમદાવાદ |
| 2015 | હોલ ઓફ ફેમ | કેલિફોર્નિયા પોલિટેકનિક સ્ટેટ યુનિવર્સિટી, પોમોના અમેરિકા |
| | માન્યતા પ્રમાણપત્ર | કેલિફોર્નિયા મેયર |
| | માન્યતા પ્રમાણપત્ર | કેલિફોર્નિયા રાજ્ય વિધાનસભા |
| | માન્યતા પ્રમાણપત્ર | યુએસ હાઉસ ઓફ રેપ્રેઝન્ટેટિવ્સ |
| | સ્થાપક સમાજ પુરસ્કાર | કેલિફોર્નિયા પોલિટેકનિક સ્ટેટ યુનિવર્સિટી પોમોના |

| | | |
|---|---|---|
| 2016 | માન્યતા પ્રમાણપત્ર | કેલ પોલી પોમોના કોલેજ ઓફ એન્જિનિયરિંગ અમેરિકા |
| | પ્રશંસાનો પુરસ્કાર | ઇન્ડો અમેરિકન ગુજરાત કલ્ચરલ એસો. |
| 2017 | લોસ એન્જલસ રત્ન | લોસ એન્જલસ રત્ન બોર્ડ |
| | પ્રશંસા પ્રમાણપત્ર | ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી,અમદાવાદ |
| 2018 | રાષ્ટ્રપતિ | ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી |
| | પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ વિદ્યાર્થી પુરસ્કાર | કેલિફોર્નિયા પોલિટેકનિક સ્ટેટ યુનિવર્સિટી પોમોના |
| | પાટીદાર ઉદ્યોગ રત્ન એવોર્ડ | ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ |
| | લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ | અમેરિકન સોસાયટી ઓફ એન્જિનિયર્સ ઓફ ઇન્ડિયન ઓરિજિન |
| 2019 | પદ્મશ્રી સન્માન | ભારત સરકાર |
| | પાટીદાર પદ્મશ્રી સન્માન એવોર્ડ | સરદાધામ |
| | પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ વિદ્યાર્થી પુરસ્કાર | એમ.જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ |
| | પદ્મશ્રી સન્માન પુરસ્કાર | ગુજરાતના મુખ્ય ન્યાયાધીશ ગુજરાત |
| | પદ્મશ્રી સન્માન પુરસ્કાર | હિન્દુ સ્વયંસેવક સંઘ, લોસ એન્જલસ, યુ.એસ.એ. |
| | પ્રમુખ – લાઇફ ગ્લોબલ કેલિફોર્નિયા ચેપ્ટર | પ્રમુખ – લાઇફ ગ્લોબલ કેલિફોર્નિયા ચેપ્ટર,લોસ એન્જલસ, યુ.એસ.એ. |

**સમાપન :-**

"જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત" કવિ અરદેશર ખબરદાર દ્વારા 20મી સદીના પૂર્વાર્ધમાં લખાયેલ આ પંક્તિ ભવિષ્યવાણી સાબિત થઈ છે. આજે યુનાઇટેડ નેશન્સ દ્વારા સાર્વભૌમ રાષ્ટ્રો તરીકે સૂચિબદ્ધ 190 દેશોમાંથી 129 જેટલા દેશોમાં ગુજરાતી મૂળના લોકો જોવા મળે છે. ગુજરાતી ડાયસ્પોરામાં પટેલોનો હાલમાં ખૂબ મોટો ફાળો છે. તેઓએ વિજ્ઞાન, ટેકનોલોજી, મેડીકલ, હોટેલ ઉદ્યોગ, વેપાર - ધંધામાં જગતનાં કેટલાંય દેશોમાં વિશિષ્ઠ સ્થાન જમાવ્યું છે. યુ.એસ.એ. માં ગુજરાતી ડાયસ્પોરાની સંખ્યા ત્રણેક લાખની નજીક છે. જેમાં એકાદ લાખ તો ન્યુયોર્કમાં જ કેન્દ્રીત થયેલા છે. તેમાં એક મહાન પરોપકારી અને ઉચ્ચ કોટિના શિક્ષણના હિમાયતી શ્રી ગણપતભાઈ પટેલ પણ છે. તેમના પોતાના શબ્દોમાં , " જ્ઞાન તમને તે સ્થાનો પર લઈ જશે

જ્યાં તમે જવા માંગો છો . ખાતરી કરો કે તમે જીવનના એક ભાગ તરીકે જ્ઞાનના મહત્વને ઓળખો છો અને તે તમારા માટે શું કરી શકે છે . જો માછલીઓને પાણીમાંથી બહાર કાઢવામાં આવે, તો તેઓનું જીવન નહીં રહે. જ્ઞાન તમારા માટે ઘણું સમાન છે. દાન ના ઘણા પ્રકાર છે. જેમાં શિક્ષણ માં દાન આપવું ઉચ્ચ કોટિનું દાન છે. કારણ કે શિક્ષણથી વ્યક્તિ ડોક્ટર બને છે, એન્જિનિયર બને છે, શિક્ષક બને છે, સૈનિક બને છે, વકીલ બને છે. ટૂંકમાં શિક્ષણ દ્વારા એક નવા સમાજની રચના થાય છે. પરિવર્તન એ કુદરતનો નિયમ છે. શિક્ષણમાં પણ પરિવર્તન થતું રહે છે. પરંતુ શ્રી ગણપતભાઈ દ્વારા ગણપતિ યુનિવર્સિટી ના શિક્ષણમાં લાવેલા જે પરિવર્તન છે, તે અકલ્પનીય છે. આવા મહાન દાનેશ્વરી શ્રી ગણપતભાઈ ના ગુણો ને દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં ઉતારવા જોઈએ.

Refrences:-

[1] https://en.m.wikipedia.org

[2] મકરંદ મહેતા " બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરા" પેજ નં- 5,6

[3] https://en.m.wikipedia.org

[4] https://www.ganpatuniversity.ac.in

[5] https://en.m.wikipedia.org

[6] https://convocation.guni.ac.in

[7] https://ahmedabadmirror.com

[8] https://en.m.wikipedia.org

[9] સૌરભભાઈ દવે, ગણપત યુનિવર્સિટી

[10] અક્ષય ભાઈ, ગણપત યુનિવર્સિટી